સૌનું કરો કલ્યાણ દયાળુ પ્રભુ, સૌનું કરો કલ્યાણ. નર-નારી-પશુ-પક્ષીની સાથે, જીવજંતુનું તમામ

## રાજ્યમાં વધુ ૩૭૨ નવા કેસ : અમદાવાદમાં ૨૫૩ : ગાંધીનગરમાં ૦૮

સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૮૦ | ૩૦ મે, ૨૦૨૦, શનિવાર; જેઠ સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાનો પ્રકોપ યથાવત : નવા ૭૪૬૬ કેસ

### કુલ સંક્રમિતોનો આંકડો ૧.૬૫ લાખને પાર : ૧૭૫ના મોત : મૃત્યુઆંક ૪૭૦૬એ પહોંચ્યો : કુલ ૮૯,૯૮૭ એક્ટિવ કેસ : રિકવરી દર વધીને ૪૨.૮૮ ટકા સુધી પહોંચ્યો : ૭૧૧૦૫ દર્દી સાજા થયા



નવી દિલ્હી,તા.૨૯

કોરોના વાયરસના સંક્રમણની અસર ભારતમાં ઝડપથી વધી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડાઓ અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં એટલે કે આજે શુક્રવારે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં સમગ્ર દેશમાં કોરોનાના ૭૪૬૬ નવા કેસ સામે આવ્યા છે. જે અત્યારસુધીમાં ૨૪ કલાકમાં નોંધાયેલા કેસોમાં સૌથી વધારે છે. એ જ રીતે છેલ્લાં ૨૪ કલાકમાં કોરોનાથી વધુ ૧૭૫ લોકેના મોત થયા છે. તે સાથે જ કુલ મૃત્યુઆંક વધીને ૪,૭૦૬ પર પહોંચી ગયો છે. ભારત હવે કોરોના સંક્રમણના કેસમાં એશિયામાં પ્રથમ સ્થાને અને દુનિયામાં ૯મા સ્થાને પહોંચી ગયું છે.

ભારતમાં કોરોના લોકડાઉન-૪ની મુદત પૂરી થવામાં છે. ૩૧ મેના રોજ લોકડાઉન-૪ પૂર્ણ થયા બાદ તેમાં વધારો કરવાની શક્યતા જોવામાં આવી રહી છે. જેમાં વધારે છૂટછાટ આપવાની સંભાવના વચ્ચે રેજેરોજ કોરોનાના કેસો વધી રહ્યાં છે. એક જ દિવસમાં ૭ હજાર કરતાં વધુ કેસો નોંધાયા હોય તેવુ બીજી વાર બન્યુ છે. અને ૬ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હોય તેવું છેલ્લાં એક સપ્તાહથી થઈ રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લા ત્રણ દિવસમાં ૧૮ વિમાની મુસાફરો પોઝિટિવ

### ૨૬ અને ૨૭મી મેના રોજ ઇન્ડિગોની ફ્લાઇટમાં યાત્રા કરનારા ૧૨ યાત્રીઓમાં કોરોના પોઝિટિવ મળ્યો હતો

નવી દિલ્હી, તા. ૧૧

દેશમાં કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. આ વચ્ચે લોકડાઉન ૪.૦ માં સરકારે ડોમેસ્ટિક ફ્લાઈટ્સની મંજૂરી આપી છે. જો કે ડોમેસ્ટિક ફ્લાઈટ્સ શરૂ થયાના ત્રણ દિવસોમાં જ લગભગ ૧૮ યાત્રીઓનો કોરોના વાયરસ પોઝિટિવ મળ્યા છે. આ તમામ યાત્રીઓએ બે એરલાઈન્સમાં અલગ-અલગ ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં યાત્રા કરી હતી. ગુરુવારે એરલાઈન્સે આ વાતની પુષ્ટિ કરી છે. આ ફ્લાઈટ્સના તમામ ક્રૂ મેમ્બર્સને હાલ ક્વોરન્ટાઈન કરી દીધા છે. આ ૧૮ યાત્રીઓમાંથી ૧૨ એવા યાત્રીઓ છે જેમણે ૨૬ અને ૨૭મેના રોજ ઈન્ડિગોની ફ્લાઈટમાં યાત્રા કરી હતી. યાત્રી એસિમ્પ્ટોમેટિક હતા અને ત્રણેય ફ્લાઈટ્સના ઓપરેટિંગ ક્રૂને ૧૪ દિવસ માટે ક્વોરન્ટાઈન કરાયા છે. તમિલનાડુમાં ચેન્નાઈથી સાલેમ ગયેલી ટ્રૂ જેટની એક ફ્લાઈટના છ યાત્રીઓ પણ કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. ઈન્ડિગોના મળેલા પોઝિટિવ યાત્રીઓમાંથી પાચ યાત્રીઓ એવા હતા જેમણે દિલ્હી એરપોર્ટથી ફ્લાઈટ લીધી હતી. એરલાઈને એક નિવેદનમાં જણાવ્યું છે કે, ૨૭મેની ફ્લાઈટ નંબર ૬ઈ ૭૨૧૪માં બેંગલુરુમાં મદુરાઈ

● અનુસંધાન પાન-૭ પર

## રાજધાની દિલ્હીમાં કોરોનાનો વિસ્ફોટ : ૨૪ કલાકમાં ૮૨ મોત

### દેશના પાટનગરમાં એક જ દિવસમાં ૧૧૦૬ કેસ અત્યાર સુધીમાં ૪૦૦નાં મોત, ૧૭૦૦૦થી વધુ કેસો

નવી દિલ્હી, તા. ૨૯

દેશની રાજધાની દિલ્હીમાં કોરોના વાયરસના એક જ દિવસમાં સૌથી વધુ નવા ૧૧૦૬ કેસ નોંધાયા છે, આ સાથે કુલ કેસોની સંખ્યા ૧૭૦૦૦થી વધુ થઈ ગઈ છે. ઉપરાંત છેલ્લા એક મહિનામાં ૮૨ લોકોના મોત થયા છે, આ સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૩૯૮ થઈ ગયો છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને એક વીડિયો પ્રેસ કોન્ફરન્સથી માહિતી આપતાં કહ્યું કે છેલ્લા મહિનામાં કોરોનાથી ૮૨ લોકોના મોત થયા છે, જેમાં શુક્રવારે થયેલાં ૧૩ લોકોના મોતનો આંક સામેલ છે. બાકીના ૬૯ મોત ૩૪ દિવસોના સમયગાળમાં થયા છે. તેમણે એમ પણ કહ્યું કે ૬૯ મોત પૈકી ૫૨ લોકોના મોત સફદરગંજ હોસ્પટિલમાં થયા છે. તમામ હોસ્પિટોલના મૃત્યુઆંક ચેક કર્યા બાદ આ માહિતી આપવામાં આવી રહી છે. આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું કે દિલ્હીમાં કોવિડ-૧૯ કારણે કુલ ૩૯૮ લોકોના મોત થયા છે. તેમણે ઉમેર્યું કે ૧૨ થી ૨૦ દરમિયાનના સમયગાળમાં રોજ એક વ્યક્તિનું મોત થયું છે. નવા ૧૧૦૬ કેસ સામે આવ્યા છે, આ સાથે દિલ્હીમાં કોરોના વાયરસના કુલ કેસોની સંખ્યા ૧૭ હજારથી ઉપર પહોંચી છે.




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૫૯૫૭૭૩૭ | ૩૬૩૪૨૬ | ૨૬૨૪૮૮૨ |
| ભારત | ૧૭૨૩૫૯ | ૪૯૫૬ | ૮૧૬૦૬ |
| ગુજરાત | ૧૫૯૪૪ | ૯૮૦ | ૮૬૦૯ |
| ગાંધીનગર | ૨૪૯ | ૧૪ | ૧૪૭ |

## છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીનું નિધન



### ૭૪ વર્ષીય અજિત જોગી છત્તીસગઢના પ્રથમ મુખ્યમંત્રી હતા : ૨૦ દિવસથી રાયપુરની કાર્ડિયાક અરેસ્ટ પછી અજિત જોગીને દાખલ કરાયા હતા

રાયપુર, તા. ૨૯

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગીનું લાંબી બીમારી બાદ આજે બપોરે નિધન થયું છે. ૯ મેના રોજ કાર્ડિયાક એરેસ્ટ થયા બાદ તેમને રાયપુરની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારથી, તે સતત કોમામાં હતો. ડોકટરોના જણાવ્યા મુજબ શુક્રવારે બપોરે તેને ફરીથી કાર્ડિયાક અરેસ્ટ કરવામાં આવી. ડોકટરોના તમામ સંભવિત પ્રયાસો છતાં તે બચાવી શકી નહીં. બપોરના આશરે ૩.૩૦ વાગ્યે જોગીએ અંતિમ શ્વાસ લીધા. અજિત જોગીના પુત્ર અમિત જોગીએ ટ્વિટર પર પૂર્વ મુખ્યમંત્રીના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. તેમણે એમ પણ માહિતી આપી કે અંતિમ સંસ્કાર શનિવારે અજિત જોગીના જન્મ સ્થળ ગોરૈલા ખાતે કરવામાં આવશે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે અજિત જોગીના નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. બગહેલે ટ્વિટર પર લખ્યું કે

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના આંચકા અનુભવાયા. હરિયાણાના રોહતકથી ૧૬ કિ.મી. એપીસેન્ટર.
- હવે, મોબાઈલના નંબર ૧૧ ડિઝિટના રહેશે. જેમાં આગળ ૯ ઉમેરવામાં આવશે.
- વડોદરામાં હળવા વરસાનું ઝાપટું.
- રાજસ્થાન ભાજપના પૂર્વ પ્રમુખ ભંવરલાલ શર્માનું નિધન.
- પાકિસ્તાનમાં ક્રેશ થયેલા પ્લેનના કાટમાળમાંથી ૨ બેગમાં ૩ કરોડ રૂપિયા મળી આવ્યાં..!
- સ્પેનના સંશોધકો દ્વારા કોરોના વાઈરસની રસી શોધવામાં સફળતા મળી હોવાનો દાવો
- દિલ્હીના ભાજપના સાંસદ ગૌતમ ગંભીરના પિતાની મોંઘી કારની થઈ ચોરી....!
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૬૨૨૨૮ |
| તામીલનાડુ | ૨૦૨૪૬ |
| દિલ્હી | ૧૭૩૮૭ |
| ગુજરાત | ૧૫૯૪૪ |
| રાજસ્થાન | ૮૧૫૮ |
| મધ્યપ્રદેશ | ૭૬૪૫ |
| ઉત્તરપ્રદેશ | ૭૧૭૦ |

# લોકડાઉન-૫ અંગે રાજ્યોને સત્તા આપવા વિચારણા

## લોકડાઉન-૫ અંગે પીએમ મોદી અને અમિત શાહ વચ્ચે મહામંથન

નવી દિલ્હી, તા. ૨૯

લોકડાઉનનો ચોથો તબક્કો ૩૧ મેના રોજ સમાપ્ત



થયા પછી, કેન્દ્ર સરકાર નિયમો નિર્ધારિત કરવાની તેની ભૂમિકાને મર્યાદિત કરવા અને રાજ્યોને આ સંદર્ભે વધુ છૂટછાટ આપવાની વિચારણા કરી રહી છે. કોવિડ -૧૯ પ્રભાવિત વિસ્તારોને વર્ગીકૃત કરવા અને લોકડાઉન નિયમો નક્કી કરવા માટે રાજ્યો દ્વારા સતત વ્યક્ત કરવામાં આવતી ભાવનાઓનું કેન્દ્ર આદર કરી રહ્યું છે. તેથી, મોદી સરકાર ભવિષ્યની મોટી ભૂમિકા રાજ્યો પર છોડી દેવાની યોજના બનાવી રહી છે. અધિકારીઓએ કહ્યું કે હવે રાજ્યોને અધિકાર આપવામાં આવશે કે તેઓ ૧ જૂનથી તેમના લોકડાઉન નિયમો કેટલા કડક અથવા અનુકૂળ છે. કેન્દ્ર સરકાર આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ તેમજ મોલ્સ, સિનેમા હોલ્સના સંચાલન અને રાજકીય કાર્યક્રમો પર પ્રતિબંધ જાળવી શકે છે. ઉપરાંત, તે લોકોએ ચહેરા પર માસ્ક લગાવે છે અને સામાજિક અંતરને અનુસરે છે તેની ખાતરી કરવા માટે તે અધિકારીઓને વધુ કહી શકે છે. જ્યાં સુધી વાત શાળાઓ ખોલવા અને મેટ્રો ટ્રેન સેવાને પુર્નોહિપ્સ્થાપિત કરવાની છે, ત્યાં બોલને રાજ્યોમાં ફેંકી શકાય છે. જોકે, ધાર્મિક સ્થળો ખોલવા દેવાશે કે નહીં તે નિર્ણય પણ રાજ્યો પર છોડી શકાય છે. કર્ણાટકના મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાએ તાજેતરમાં કહ્યું હતું કે તેમણે વડા પ્રધાનને રાજ્યમાં મંદિરો, મસ્જિદો, ચર્ચો અને અન્ય ધાર્મિક સ્થળો ખોલવાની મંજૂરી આપવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર ચોક્કસપણે કોરોના વાયરસથી પ્રભાવિત ૩૦ નગરપાલિકા સંસ્થાઓના કન્ટેનર ઝોનમાં કડક પાલન સૂચન કરશે જ્યાં દેશમાં કુલ કોવિડ -૧૯ દર્દીઓમાંથી ૮૦% નોંધાયા છે. આ ૩૦ નગરપાલિકાઓ મહારાષ્ટ્ર, તામિલનાડુ, ગુજરાત, દિલ્હી, મધ્યપ્રદેશ, પી. તેઓ બંગાળ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, તેલંગણા, આંધ્રપ્રદેશ, પંજાબ અને ઓડિશાના છે. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, 'સંભાવના છે કે કેન્દ્ર સરકાર પ્રતિબંધ અથવા મુક્તિ નક્કી કરવામાં પોતાની ભૂમિકાને ૧ જૂનથી પ્રતિબંધિત કરી શકે.

## કેટલાક રાજ્યોએ લોકડાઉન વધારવાની કરી માંગ

નવી દિલ્હી,તા.૨૯

કોરોના વાયરસ સંક્રમણને રોકવા સમગ્ર દેશમાં લાગુ કરાયેલા લૉકડાઉનને આગળ વધારવામાં આવશે કે નહીં? શુક્રવારનાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ પ્રશ્ન સૌથી ઉપર રહ્યો હતો....૩૧ મેનાં લોકડાઉનનો ચોથો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે. અમિત શાહે શુક્રવારનાં સવારે રાજ્યોનાં મુખ્યમંત્રીઓ સાથે વાતચીત કરી હતી. તેમને મળેલા ફીડબેકને તેમણે વડાપ્રધાન સાથે ચર્ચા કરી અને પછી આગળની રણનીતિ પર વાત થઈ હતી. . અનેક રાજ્યોએ કોરોનાને રોકવા લૉકડાઉન ચાલું રાખવા માટે કેન્દ્ર સરકારને કહ્યું છે, પરંતુ તેઓ ધીમેધીમે સ્થિતિ સામાન્ય કરવા પણ ઈચ્છે છે.

આજની બેઠકમાં ૩૧ મે બાદની સ્થિતિનો પ્લાન ઘડાઈ ચુક્યો છે. ગૃહમંત્રી સાથે મીટિંગમાં અનેક રાજ્યોએ પુનરાવર્તન કર્યું કે લોકડાઉનને આગળ વધારવું જોઈએ. જો કે ઈકોનોમિક એક્ટિવિટીને લઈને મોટા પ્રમાણમાં છૂટ ઈચ્છે છે. શાહે મુખ્યમંત્રીઓ સાથે લૉકડાઉન એક્સટેન્શન ઉપરાંત કોરોનાની લડાઈની આગળની રણનીતિ પણ જાણી. આ મીટિંગમાં મળેલા ફીડબેકને પીએમ સાથે શેર કરવામાં આવ્યા હતા.. અત્યાર સુધી પીએમ જ મુખ્યમંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરતા હતા. લોકડાઉન પર મંતવ્યો જાણવા માટે પહેલીવાર અમિત શાહે મુખ્યમંત્રીઓ સાથે વાત કરી હતી.

કેટલાક રાજ્યોમાં કોરોનાનાં કારણે સ્થિતિ ઘણી

● અનુસંધાન પાન-૭ પર

## મોદી સરકારને આજે એક વર્ષ પૂર્ણ

નવી દિલ્હી,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પાર્ટ-૨ને આવતીકાલે ૩૦ મેના રોજ એક વર્ષ પૂરૂ થઈ રહ્યું છે. ગયા વર્ષે એપ્રિલ-મેમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે ૩૦૨ બેઠકો સાથે પ્રચંડ બહુમતિ મેળવી હતી. અને મોદી ફરીથી પીએમ બન્યા હતા.


AC Whole Sale
AC ગેસ તથા સ્પેર પાર્ટસ
AC ઈન્સ્ટોલેશન
AC Service & Sale
માટે મળો



અમારા ત્યાં દરેક પ્રકારના ગેસ, સ્પેર પાર્ટસ તથા સર્વીસ માટેના માણસોનાં કોન્ટેક્ટ મળી રહેશે.

The Black Box AirCon
Shop : A-25, Swagat Rain Forest-2, Kudasan Service Road, Gandhinagar
Call - 99099 11898



દૈવી શક્તિને શ્રદ્ધાસુમન



બ્રહ્મલીન વિશ્વવિભૂતિ સંત ચૂંદડીવાળા માતાજીને કોટિ કોટિ વંદન...

તપસ્વી સંત અંબાજીના ગબ્બરવાળા માતાજીનું સમગ્ર જીવન દેશ અને સમાજમાં ધાર્મિક આસ્થા જગાડવા માટે સમર્પિત રહ્યું છે...મારાં વતન ચરાડા ગામનાં ચૂંદડીવાળા માતાજી મારાં પિતાજીનાં પરમ સાથી હોવાં સાથે અમારા પારિવારિક સંબંધો રહ્યા છે. અમારા દરેક પ્રસંગો, અવસર અને વાતોમાં એક મોભી તરીકે મળેલાં તેમનાં પવિત્ર સાનિધ્ય, હૂંફ અને આશીર્વાદ એક દિવ્ય સ્મૃતિ તેમજ પ્રસાદી બની રહેશે... અન્ન-જળનો વર્ષો સુધી ત્યાગ કરી ચમત્કાર સર્જનાર ચૂંદડીવાળા માતાજીએ ધાર્મિક ચેતના માટે આપેલી પ્રેરણા અમારાં સૌના હૃદયમાં જીવંત રહેશે...

લિ.
શ્રી હરિભાઈ વેલજીભાઈ ચૌધરી પરિવાર

બ્રહ્મલીન પૂ.માતાજીનો પરિવાર તેમજ માતાજીનો ભક્તગણ અને સમસ્ત ચરાડા દ્વારા દિવ્યાત્મા ચૂંદડીવાળા માતાજીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન....